# પ્રકરણ - ૧

## ભૂમિકા

દલિત સાહિત્યનો આરંભ ગુજરાતી સાહિત્ય ક્ષેત્રે બહુ જૂનો નથી પરંતુ પાછલા પગલે જોવા જઈએ ત્યારે ખ્યાલ આવે છે કે નામફેરે એની પીડાનો ઇતિહાસ બહુ જૂનો છે. એની એક પ્રાચીન ઓળખ છે. એને 'દલિત' એવી ઓળખ પછીથી મળી પરંતુ એની ઓળખ સ્મૃતિ, વેદકાળ, ઉપનિષદ્ જેટલી જૂની છે. ''નામરૂપ જૂજવા અંતે તો હેમનું હેમ હોયે'' એ ન્યાયે વ્યક્તિમાત્રની એક જ ઓળખ હોવી જોઈએ પરંતુ આપણે ઊભી કરેલી વ્યવસ્થા અને ચોકઠાઓમાં વ્યવસાય ગોઠવીને દરેકને અલગ ઓળખ આપવામાં આવી જેમાં આ બ્રાહ્મણ, આ ક્ષત્રિય, આ વૈશ્ય અને આ શૂદ્ર એવા અલગ અલગ ચોકાઓ ઊભા કરવામાં આવ્યા. પરિણામે વ્યક્તિ-વ્યક્તિ વચ્ચેના ભેદભાવની જડ વધુ દ્રઢ થતી ગઈ અને એના લીધે ભારતીય સમાજરચનામાં ઘર કરી ગયેલી સામાજિક વિષમતાઓ સમાજ, સાહિત્ય અને સામાન્ય વ્યવહારમાં કોઈ ને કોઈ રીતે જોવા મળે છે. વ્યક્તિનો વ્યક્તિ સામે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે થતો ભેદભાવયુક્ત અને અપમાનજનક વ્યવહાર સર્વવિદિત છે. સમય જતા વર્ણવ્યવસ્થા દૂર થવી જોઈએ પરંતુ એમ થયું નથી. એવી આશા ઠગારી નિવડી અને એની જગ્યાએ ભારતીય સમાજમાં અતાર્કિક અને અપ્રસ્તુત બની ગયેલી વર્ણવ્યવસ્થા આધારિત સામાજિક રૂઢિઓના પ્રભાવ અને વ્યવસાય આધારિત ઉચ્ચનીચના સદંતર મનઘડંત ખોટા ખયાલોના પરિણામે સમાજ અનેક વાડાઓ અને શૃંખલાઓમાં વેરણછેરણ થઈ ગયો. વ્યક્તિ-વ્યક્તિ વચ્ચેનું અંતર ઘટવાને બદલે વધતું ગયું. આ અંતર ઘટાડવાનું કામ સાહિત્ય કરી શકે.

ભારતને આઝાદી મળ્યા પછી દલિત સમાજ શિક્ષણ અને આરક્ષણના લીધે ઘણી સારી પ્રગતિ કરી રહ્યો છે. શિક્ષણના લીધે સારી નોકરી મેળવી દલિત વર્ગ સમાજના મધ્યમવર્ગની શૃંખલામાં સ્થાન હાંસલ કરી શક્યો છે. શિક્ષણના લીધે આવેલી જાગૃતિ પણ એને એક કદમ આગળ લાવવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે. એનામાં અનેક પરિવર્તનો આવ્યાં છે. એમાંનું એક પરિવર્તન છે સાહિત્યિક ક્ષેત્રનું.

દલિત સાહિત્યનો ગુજરાતી સાહિત્યમાં પ્રવેશ થયો તે પહેલા પણ ગુજરાતી સાહિત્ય વિપુલ અને સમૃદ્ધ કલમોથી શોભતું હતું. દલિત સાહિત્યના પ્રવેશથી એમાં એક કડી ઉમેરાઈ છે. અર્વાચીન ગુજરાતી સાહિત્યથી જુદા પ્રકારનો નવોન્મેષ પ્રગટાવતા આધુનિક સાહિત્યનાં વહેણ પુરજોશમાં પ્રગટી રહ્યાં હતાં તે વખતે ગુજરાતી સાહિત્યમાં દલિતધારાનો પ્રવેશ ઘણાને આકસ્મિક અને અણધાર્યો લાગતો હતો. પરંતુ કોઈ પણ સાહિત્યની રૂખ બદલવાનું રાતોરાત બનતું નથી હોતું. ગુજરાતી સાહિત્યમાં દલિત સાહિત્યનાં વહેણ ચોક્કસ દૃષ્ટિ સાથે મંડાયાં હતાં. અલબત્ત એ નોંધવું જોઈએ કે મરાઠી સાહિત્યમાં દલિત સાહિત્યનો આરંભ ગુજરાતી સાહિત્યની પહેલા થયો હતો. મરાઠી સાહિત્યને પ્રેરનારાં પરિબળોમાં મુખ્ય પરિબળ જ્યોતિબા ફૂલેનાં જીવનકવન અને ડૉ. બાબાસાહેબ આંબેડકરની ચળવળ દ્વારા વિકસિત થયું હતું. ગુજરાતી દલિત સાહિત્યને એ વિચારધારાનો આડકતરી રીતે લાભ મળ્યો છે પરંતુ ગુજરાતી દલિત સાહિત્યમાં મરાઠી સાહિત્યને મળેલા ડૉ. બાબાસાહેબ જેવા યુગપુરુષનો સીધો લાભ મળ્યો નથી એ પણ નોંધવું રહ્યું.

ગુજરાતી દલિત સાહિત્યનો આરંભ સમયની માંગને અનુસરીને થયો છે. અંગ્રેજોએ જ્યારે સત્તા ધારણ કરી એ વખતે ગુજરાતી હિન્દુ સમાજ અનેક સંપ્રદાયો, જાતિઓ, પેટાજાતિઓમાં વહેચાયેલો હતો. ઉંચનીચના ભેદભાવ પણ હતા. ઈ.સ. ૧૯૧૫માં ગાંધીજી ભારતમાં પાછા ફર્યા તે પહેલા ગુજરાતમાં

દલિતોદ્ધારની પ્રવૃત્તિઓ ખ્રિસ્તી મિશનરીઓ અને વડોદરાના મહારાજા સયાજીરાવ ગાયકવાડ ત્રીજાએ એની શરૂઆત કરી હતી. ગુજરાતમાં દલિત આંદોલનમાં પ્રથમ ૧૪-૦૯-૧૯૧૧ના રોજ અમદાવાદમાં સફાઈ કામદારોની હડતાલ, ત્યારબાદ ૧૯૩૮માં હરિજનોએ હોટેલ પ્રવેશ આંદોલન શરૂ કર્યું હતું. ૦૫-૦૧-૧૯૪૭ના રોજ સરઢવા(તા.કલોલ) ગામના દલિતોએ મોટર બસપ્રવેશ સત્યાગ્રહ શરૂ કર્યો. ઈ.સ. ૧૯૪૭માં હરિજન મંદિરપ્રવેશનો કાયદો પસાર થયો.

આ બધાં આંદોલનો સામાજિક ન્યાય મેળવવા માટેનાં હતાં. તેમાં ખૂબ જ વેઠવાનું આવ્યું છતાં સંઘર્ષ કરી ન્યાય મેળવ્યો. ગુજરાતમાં દલિત ચળવળનાં એંધાણ આ આંદોલનમાંથી સાંપડે છે. ગુજરાતના દલિતો માનવીય અધિકારો મેળવવા સંઘર્ષ કરવા તત્પર બન્યા હતા. તેમનામાં સંઘર્ષની ચેતના પ્રજ્વળી ઊઠી હતી એનો આલેખ આ આંદોલનમાંથી મળે છે.

ગુજરાતમાં ઈ.સ. ૧૯૮૧ અને ૧૯૮૫માં અનામતવિરોધી રમખાણો ફાટી નીકળ્યાં. દલિતો તરફની પોકળ સહાનુભૂતિ આ આંદોલનમાં ખુલ્લી પડી ગઈ અને એનો સામનો દલિતોએ દલિત સાહિત્યના માધ્યમ દ્વારા કર્યો. ગોલાણા હત્યાકાંડથી માંડી સાંબરડા[૧] સુધીના પ્રસંગોમાં થયેલી મનુષ્યસંહારની ઘટનાઓ અને આંદોલનોને કારણે એની પ્રતિક્રિયારૂપે દલિત શિક્ષિતોની સંવેદના પ્રગટી. દલિત કવિઓ પોતાની સામાજિક અસ્મિતાને પ્રગટ કરવા લાગ્યા અને અનામત વિરોધી તોફાનોના પ્રતિઘાતમાંથી દલિત કવિતાનો ધોધમાર પ્રવાહ શરૂ થયો. ક્રમે ક્રમે વિવિધ સર્જકો દ્વારા વિવિધ સ્વરૂપોમાં સાહિત્ય લખાવા માંડ્યું. અનામત આંદોલનોમાં દલિતોના ભાગે જે વેઠવાનું આવ્યું, એમના ઝૂંપડાં સળગાવવામાં આવ્યાં, એમને મારવામાં આવ્યા એમાં એમની સ્થિતિ કફોડી થઈ. દલિતવર્ગ

---

૧. દેસાઈ હર્ષદ, મહેરિયા ચંદુ, સાંબરડાથી સ્વમાનનગર, પ્ર. સેન્ટર ફોર સોશિયલ સ્ટડીઝ, સુરત, પ્રથમ આવૃત્તિ, ૧૯૯૫

પોતાનું અસ્તિત્વ ટકાવવા, પોતાની આગવી ઓળખ ઊભી કરવા માટે કટિબદ્ધ થયો. પોતાની દબાયેલી સંવેદનાને પ્રગટ કરવા માટે સર્જકોએ કલમનો સહારો લીધો, જે આગળ જતાં દલિત સાહિત્યની ધારા રૂપે વહેવા લાગી. આ સંદર્ભે ડૉ. નરેશ વાઘેલાએ કહ્યું છે કે, ''અનામત વિરોધી આંદોલનોના ગુસ્સામાં દલિતો વધુ ને વધુ હાંસિયામાં ધકેલાઈ રહ્યા છે. આ કપરા કાળમાં સમાજજીવનની વરવી અને કઠોર વાસ્તવિકતાનું શારી નાખે એવું વેધક નિરૂપણ ગુજરાતી ટૂંકી વાર્તા ક્ષેત્રે મહત્ત્વું સ્થિત્યંતર રચે છે. સંવેદનની અરૂઢતા તેમાં સૌપ્રથમવાર નજર પડે છે.''[૨]

૧૯૭૫ની આસપાસ દલિતો પર અત્યાચારો વધ્યા ને એવી ઘટનાઓ બની જે દલિતોના હૃદયને હચમચાવનારી બની રહી. પછીથી ૧૯૮૧માં થયેલ અનામત આંદોલનના પરિણામે દલિતોમાં જાગૃતિ આવી. આ જાગૃતિ એમનામાં આવેલું એક અનોખું સ્થિત્યંતર બની રહી. એના લીધે સામાજિક, સાંસ્કૃતિક અને રાજકીય પરિસ્થિતિમાં જાગૃતિ આવી. એમની થતી અવગણના ને એના લીધે એમનામાં આત્મસમ્માનની ભાવના જન્મી. દલિતોમાં આવેલી સભાનતા અને જાગૃતિ સાહિત્યનાં વિવિધ સ્વરૂપોમાં વ્યક્ત થવા લાગી ને સમય જતાં એને નામ મળ્યું 'દલિત સાહિત્ય.' આ સાહિત્ય માત્ર દલિતોને જ સ્પર્શે એવું નહીં પણ સમગ્ર સમાજને સ્પર્શે એવું સમષ્ટિગત સાહિત્ય પ્રસિદ્ધિમાં આવ્યું. એના પડઘા નવલકથા, વાર્તા, કવિતા, આત્મકથા ક્ષેત્રે વધુ મજબૂતાઈથી પડ્યા. એ સ્વરૂપોની એક નવી ઓળખ અસ્તિત્વમાં આવી. જેને દલિત નવલકથા, દલિત વાર્તા, દલિત કવિતા, દલિત આત્મકથા કે અન્ય સાહિત્યસ્વરૂપના નામે ઓળખીએ છીએ.

આપણે ત્યાં વર્ણભેદની વાત મનુસ્મૃતિ અને યજુર્વેદ વગેરે સાહિત્યમાં જોવા મળે છે. પરંતુ વર્ણ શબ્દના બે અર્થ થાય, રંગ અને જાતિ. ગાંધીજીને વિદેશમાં થયેલા રંગભેદનો અનુભવ જાતિવાદને જ વ્યક્ત કરે છે. એટલે રંગભેદ અમેરિકા

---

૨. દલિત ચેતના, ફેબ્રુઆરી ૨૦૧૧, પૃ.૧૨

આફ્રિકામાં કરોડો કાળા માણસોને કંઈક અંશે હડધૂત કરીને વ્યક્ત કરાય છે. જ્યારે જાતિવાદની એવી જ અસર ભારતમાં સ્વરૂપભેદે જોવા મળે છે. ડૉ. રાજેશ પંડ્યાએ કહ્યું છે કે, ''જેમ કાળી પ્રજાની ગુલામી એ અમેરિકન ઇતિહાસનું તેમ દલિત જાતિની યાતનાઓ એ ભારતીય ઇતિહાસનું કલંકિત પ્રકરણ છે. સાંસ્કૃતિક ઇતિહાસકારો એની અવગણના કરી શકે નહીં કેમ કે એનાં મૂળ ઘણાં ઊંડાં છે.''[3]

યજુર્વેદમાં ચતુર્વર્ણને વ્યક્ત કરતો એક મંત્ર છે, જેમાં વિરાટ પુરુષની કલ્પના કરી શૂદ્રનો ઉલ્લેખ કરાયો છે.

**બ્રાહ્મણોસ્ય મુખમાસીદ્બાહુ રાજન્યઃ કૃતઃ । ઊરુતદસ્ય યદ્વૈશ્યઃ પદ્ભ્યાં શૂદ્રો અજાયત ।। (૩૧.૧૧)**

(એ વિરાટ પુરુષના મુખમાંથી બ્રાહ્મણો, બાહુમાંથી ક્ષત્રિય, જાંઘમાંથી વૈશ્ય અને પગમાંથી શૂદ્રો ઉત્પન્ન થયા.)

આ મંત્રનું હકારાત્મક અર્થઘટન કરવામાં આવે તો એવું નિષ્પન્ન થાય કે જેમ દેહનો આધાર પગ છે તેમ સમાજશરીરનો આધાર શૂદ્ર છે અર્થાત્ શૂદ્રને આધારે જ આખી સમાજરચના ટકી છે એવું અર્થઘટન કરી શકાય. પરંતુ વાસ્તવિકતા એ છે કે ભૂતકાળમાં અને સાંપ્રત સમયમાં પણ શૂદ્રોને આધારભૂત માનવાને બદલે અલગ દૃષ્ટિથી જોવામાં આવે છે. એને પ્રતીક બનાવીને ઘણું સાહિત્ય રચાયું છે (દા.ત. ભી. ન. વણકરની 'પગ' વાર્તા) પણ એની ચર્ચા અહીં અપ્રસ્તુત છે. પ્રસ્તુત પ્રકરણમાં દલિત સાહિત્યની ભૂમિકારૂપ ચર્ચા કરી એની સંજ્ઞા, વિભાવના, લક્ષણો ઇત્યાદિ મુદ્દાઓને લક્ષમાં લેવામાં આવ્યા છે.

ભારતીય સમાજવ્યવસ્થામાં દલિતોની પીડાનો ઇતિહાસ સદીઓ જૂનો છે. માત્ર સામાજિક જ નહીં, આર્થિક-શૈક્ષણિક-ધાર્મિક એમ દરેક રીતે પછાત ગણાતી દલિત જાતિઓ અસ્પૃશ્યતાનો અમાનવીય વ્યવહાર સદીઓથી સહન કરતી આવી

---

૩. શબ્દસૃષ્ટિ, માર્ચ ૨૦૧૦, પૃ.૩૪

છે. આ અસમાનતા લોકશાહી રાજ્યવ્યવસ્થા પણ દૂર કરી શકી નથી. આ તો એક મનુષ્યનો બીજા મનુષ્ય સાથેનો અન્યાય કહેવાય. માનવતાનું અપમાન કહેવાય. દલિત સાહિત્ય એ અપમાન અને અન્યાયની પીડાને વાચા આપે છે. 'દલિત' સંજ્ઞા સાથે સંબંધ ધરાવતો 'હરિજન' શબ્દ નરસિંહ મહેતાએ પોતાના પદમાં પ્રયોજ્યો છે. બસવેશ્વર, કબીર, અખો અને મીરા અને રૈદાસે ઉંચનીચના ભેદભાવને પોતાનાં પદોમાં વ્યક્ત કરી છૂતાછૂત, સમાનતા, બંધુત્વની વાત કરી છે. કબીર અને અખાએ કટાક્ષ દ્વારા ભેદભાવને દૂર કરવાની વાત કરી છે.

ગુજરાતી સાહિત્યમાં દલિત શબ્દનો પ્રયોગ આધુનિકકાળથી પ્રયોજાતો જોવા મળે છે. 'વિદિત' નામના પોતાના પુસ્તકમાં હરીશ મંગલમે 'દલિત' શબ્દ વિશે નોંધ્યું છે કે, ''બોમ્બે ગેઝેટના 'ગુજરાત પોપ્યુલેશન હિંદુઝ' પરના ગ્રંથમાં 'પતિત, બિનઉન્નત, અસ્વચ્છ' વગેરે જ્ઞાતિઓનું વર્ણન દલિત વર્ગોના મથાળા હેઠળના પ્રકરણમાં કરવામાં આવ્યું છે.''[૪]

દલિત શબ્દનો સૌપ્રથમ પ્રયોગ ૧૮૮૬માં 'ચર્ચ ઓફ સાઉથ ઈન્ડિયા'એ કર્યો હતો.[૫] આ ઉપરાંત લાહોરમાં દયાનંદ દલિત ઉદ્ધાર મંડળ નામના એક સંગઠને એક સંદેશમાં 'દલિતબંધુ' એવો શબ્દ પ્રયોજ્યો હતો.[૬]

પ્રા. યશવંત વાઘેલા આ સંદર્ભે નોંધે છે કે, ''અંગ્રેજીમાં પ્રયોજાતો Depressed Class શબ્દ પદદલિત અર્થમાં વપરાયો છે તે આજે પ્રયોજાતો દલિત શબ્દ પદદલિતનો જ પર્યાયવાચી છે.''[૭] ડૉ. બાબાસાહેબ આંબેડકરે ઈ.સ. ૧૯૨૫માં 'હરિજન' શબ્દના વિરોધમાં 'દલિત' શબ્દપ્રયોગ પ્રયોજ્યો છે.[૮] એમણે

---

૪. વિદિત, લે. હરીશ મંગલમ્, ૧૯૮૯, પૃ.૨

૫. નયામાર્ગ, તંત્રીઃ ઈન્દુકુમાર જાની, અરુણા મહેતા, જૂન ૧૯૯૩

૬. એજન

૭. બહુજન સાહિત્ય, અં. પ્રા. યશવંત વાઘેલા, ૧૯૮૮, પૃ. ૬૫

૮. એજન

'બહિષ્કૃત ભારત' નામના પાક્ષિકમાં બીજા વર્ષના પ્રથમ અંકમાં (૧૬-૧૧-૧૯૨૮) પ્રાસંગિક નામની એક કોલમમાં દલિત શબ્દનો ત્રણ વખત ઉપયોગ કર્યો હતો.

અવન્તિકપ્રસાદ મરમટનો મત જોઈએ તો બ્રિટિશ સરકારના શાસન દરમિયાન મેગિટૂયુ ચેમ્સફોર્ડ સુધારા દ્વારા અખિલ ભારતીય સ્તરે દલિત વર્ગોના માટે અનેક સરકારી જગ્યાઓમાં પ્રતિનિધિત્વ પ્રદાન કર્યું હતું તથા તેને અનુરૂપ ૧૯૧૯માં સરકારી ભાષામાં 'દલિત વર્ગ' સર્વગ્રાહી શબ્દ બની ગયો હતો. જેમાં અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત જનજાતિઓ તથા અન્ય પછાત વર્ગના રૂપમાં સામેલ હતાં.[૯]

દલિત શબ્દોનો પ્રયોગ પ્રથમ વખત ક્યારે થયો તે બાબતે વિવિધ મતભેદ છે પરંતુ શબ્દકોશના આધારે દલિત શબ્દનો અર્થ શું થાય છે એ બાબત એને સમજવા માટે વધુ ઉપયોગી છે.

વિવિધ કોશોના આધારે દલિત શબ્દનો અર્થ એની વ્યુત્પત્તિ અને ભાવાર્થ જોઈએ તો દલિત શબ્દની વ્યુત્પત્તિ સંસ્કૃત ધાતુ દલ્ થી થઈ છે. દલિત શબ્દ દલ-ઇત પ્રત્યયથી બન્યો છે. સંસ્કૃતમાં 'દલ'નો અર્થ તોડવું, કબજે કરવું, કચડવું એવો થાય છે. શબ્દકોશમાં એના જુદા જુદા અર્થો આપ્યા છે.

૧. પ્રાકૃત શબ્દકોશ :

दल: (अक) विकसना, फटना, खंडित होना, द्विधा होना

दल (सक) चूर्ण करना, टूकडे करना

दल (नपु.) सैन्य, लश्कर, पत्र, पत्ती[१०]

२.संस्कृत शब्दकोश

૯. પછાત વર્ગના આયોગનો રિપોર્ટ, ભાગ ૧, પૃ.૪

૧૦. પાઈ અસદ્મ હજ્જવો (પ્રાકૃત કોશ), સં. વ્યાકરણતીર્થ પં. હરગોવિંદદાસ શેઠ

दलित (सं.वि) दल + त = टूटा हुआ, फटा हुआ, पिसा हुआ, चिरा हुआ, खुला हुआ, फैला हुआ ।

दल – चूर–चूर करना, फाड देना, दलित–दला गया, मर्दित, पीसा गया ।[११]

૩. ગુજરાતી શબ્દકોશ :

સાર્થ ગુજરાતી જોડણી કોશ: દલિત (વિ.) (સ.) દબાયેલું, કચડાયેલું, પીડિત, દલના વિવિધ અર્થમાં પણ પત્તા, પત્તી, સૈન્ય, લશ્કર અર્થ મળે છે. ગુજરાતીમાં 'દલ'નો અર્થ દિલ પણ થાય છે.[૧૨]

ભગવદ્ગોમંડળમાં દલિત શબ્દનો અર્થ ચૂર્ણિત, દળેલું, ભાંગેલું, તોડેલું, ચિરાયેલું, તૂટેલું, છૂંદેલું, નાશ કરવામાં આવેલું, પીડિત, ચગદાયેલું, દબાયેલું, કચડાયેલું, રંક, ગરીબ, વિકસેલ, ખીલેલ, હલકું, અધમ વગેરે શબ્દો દ્વારા મળે છે.[૧૩]

માનક હિન્દી-અંગ્રેજી કોશમાં દલિત શબ્દ માટે Depressed શબ્દ આપ્યો છે.[૧૪] આ શબ્દ માટે, વર્ગ માટે depressed class, પદદલિત, શોષિત, દલિત વર્ગ વગેરે અર્થો મળે છે.

આ ઉપરાંત મરાઠી શબ્દકોશ, ઓક્સફર્ડ ડિક્શનરી તેમજ, અંગ્રેજી ગુજરાતી શબ્દકોશમાં થોડા શબ્દફેરે 'દલિત' શબ્દોના વિભિન્ન શબ્દાર્થો આપ્યા છે જેમાં મુખ્યત્વે દબાયેલા, કચડાયેલા, પીડિત, શોષિત લોકો માટે આ શબ્દ પ્રયોજાયો છે એ સ્પષ્ટ થાય છે.

---

११. संस्कृत शब्दार्थकौस्तुभ, सं. चतुर्वेदी द्वारकाप्रसाद शर्मा, पृ. ५२४

૧૨. સાર્થ ગુજરાતી જોડણી કોશ, પૃ. ૫૯૬

૧૩. ભગવદ્ગોમંડળ, પ્રવીણ પ્રકાશન, રાજકોટ, પૃ. ૪૩૩૩

૧૪. માનક હિન્દી-અંગ્રેજી કોશ (હિન્દી), રામમૂર્તિસિંહ

'દલિત' શબ્દના આ અર્થો દ્વારા ખ્યાલ આવે છે કે એમાં કોઈ વર્ણ કે જાતિ આધારિત સ્પષ્ટતા નથી. આ શબ્દ આધુનિક યુગમાં સુધારણા આંદોલનની જ દેણ છે. ઈ.સ. ૧૯૩૦માં દેશમાં સમાજવાદી વિચારધારાને અને સામાજિક દૃષ્ટિએ જે વર્ગ દબાયેલો, કચડાયેલો અને શોષિત હતો એવા વર્ગ પ્રત્યે સહાનુભૂતિ ઉત્પન્ન થઈ તથા આ વર્ગ જ દલિત વર્ગના રૂપમાં ઓળખાયો, જેમાં ભારતીય વર્ણવ્યવસ્થા અને જાતિ વ્યવસ્થા પ્રમાણે શૂદ્રોની ગણના કરવામાં આવે છે. આમ ભારતમાં દલિત શબ્દનો પ્રયોગ બહુ જૂનો નથી. પ્રાચીનકાળમાં અને પછીથી દલિતો માટે શૂદ્ર, અતિશૂદ્ર, ચાંડાળ, અંત્યજ, અસ્પૃશ્ય વગેરે શબ્દો પ્રયોજવામાં આવે છે એ દલિત શબ્દનાં જ જુદાં રૂપ છે.

ડૉ. બાબાસાહેબ આંબેડકરે દલિત શબ્દ અસ્પૃશ્ય શબ્દના સ્થાને પ્રયોજ્યો છે. એમણે અસ્પૃશ્ય શબ્દની જે વ્યાખ્યા The untouchable નામના ગ્રંથમાં આપી છે એનાથી એ ખ્યાલ સ્પષ્ટ થાય છે. ડૉ. આંબેડકરે ગિરિજન, વિમુક્ત જાતિઓ, અપરાધી જાહેર કરવામાં આવેલ જાતિઓ અને અસ્પૃશ્ય એમ વ્યાપક અર્થમાં આ સંજ્ઞાને સમાવી છે. ડૉ. બાબાસાહેબે 'અસ્પૃશ' શબ્દ માટે Depressed Classes, Scheduled castes નો પ્રયોગ કર્યો છે એમાં આ સંજ્ઞાનું સ્વરૂપ વધુ સ્પષ્ટ થાય છે. ભારત સરકાર દ્વારા Depressed Classes તરીકે ઓળખાતા વર્ગને દલિત સંજ્ઞાથી ઓળખવામાં આવે છે. આથી કહી શકાય કે શોષિત, પીડિત અને આર્થિક દૃષ્ટિએ દૂબળા બધા વર્ગોનો પણ સમાવેશ એમાં થાય છે. હરિજન શબ્દ મહાત્મા ગાંધીજીની અસ્પૃશ્યો પ્રત્યેની હમદર્દી અને લાગણીવશતા પર આધારિત છે. 'બહિષ્કૃત' શબ્દની શરૂઆત ડૉ. બાબાસાહેબ આંબેડકરે કરી અને ઈ.સ. ૧૯૨૫ પછી દલિત શબ્દ પ્રચારમાં આવ્યો.[૧૫]

---

૧૫. ચાવડા (ડૉ.) મોહનભાઈ, ગુજરાતી દલિત કવિતા, અક્ષર પબ્લિકેશન, અમદાવાદ, ૨૦૧૫, પૃ. ૮

'દલિત' શબ્દને ધ્યાનમાં રાખીને એની જુદી જુદી વ્યાખ્યાઓ કરવામાં આવી છે એમાં મરાઠી દલિત સાહિત્યકાર નામદેવ ઢસાળના શબ્દોમાં જોઈએ તો અનુસૂચિત જાતિઓ, બૌદ્ધ, શ્રમિક, મજૂર, ભૂમિહીન ખેડૂત, ગરીબ ખેડૂત અને વિચરતી જાતિઓ, આદિવાસીઓ વગેરે બધા દલિત છે.[૧૬] મરાઠી દલિત સાહિત્યકાર યશવંત મનોહરે 'દલિત' શબ્દના સહાનુભૂતિ આધારિત પરંપરિત અને રૂઢિગત અર્થને નકારીને સ્પષ્ટ કહ્યું છે: ''દલિત એટલે ક્રાંતિમાન સંવેદના, દલિત એટલે પરિવર્તનનિષ્ઠ જીવનમાર્ગ, દલિતવિચાર એટલે સમતા, સુઅવસર, સ્વતંત્રતાનો વિચાર, દલિત એટલે બધી જ પ્રગતિશીલ શક્તિઓને હૃદયમાં ઢાળવાનું દર્શન, દલિત એટલે સુસંસ્કૃત, અશોષિત અને સ્વસ્થ નીરોગી માનવીય જીવનનું સંકલ્પન.''[૧૭]

આ બંને વ્યાખ્યાઓ પરથી કહી શકાય કે મરાઠી સાહિત્યકાર દલિત સંજ્ઞાને તદ્દન જુદા-જુદા સંદર્ભથી જુએ છે.

હિન્દી સાહિત્યકાર ડૉ. કુસુમ મેઘવાળ કહે છે, ''દલિત વર્ગનો પ્રયોગ હિન્દુ સમાજ વ્યવસ્થાની અંતર્ગત પરંપરાગત રીતે શૂદ્ર મનાતા વર્ગોના માટે રૂઢ થઈ ગયો છે. દલિતવર્ગમાં તે જાતિઓ આવે છે, જે નીચલા સ્તર પર છે અને જેમને સદીઓથી સતાવવામાં આવે છે.''[૧૮] આ ઉપરાંત ઓમપ્રકાશ વાલ્મીકિ, રામલાલ વિવેક, ડૉ. ચંદ્રકાંત બાંદિવડેકર 'દલિત' સંજ્ઞાને પોતપોતાની રીતે સમજાવે છે. આ વ્યાખ્યાઓમાં દલિતોની જે પાયાની સમસ્યાઓ છે એનો વિચાર કરવામાં આવ્યો નથી. આ સંદર્ભમાં એસ.પી. પુનાલેકરે દલિત શબ્દની વ્યાપક સંકલ્પના આપી છે. દલિત અને દલિતત્વ એ સંજ્ઞાઓ હાલના સમયમાં પ્રચલિત થઈ હોવા છતા તે ઘણો લાંબો અને ઊંડો ઐતિહાસિક સંદર્ભ ધરાવે છે. આથી આજની વાસ્તવિકતાને

---

૧૬. દલિત સાહિત્ય, સિદ્ધાંત આણિ સ્વરૂપ (મરાઠી) યશવંત મનોહર, પૃ.૭૭

૧૭. નયા માર્ગ, ડૉ. આંબેડકર જન્મશતાબ્દી વિશેષાંક, એપ્રિલ ૧૯૯૧, પૃ. ૧૫૫

૧૮. હિન્દી ઉપન્યાસો મેં દલિતવર્ગ, ડૉ. કુસુમ મેઘવાલ, પૃ.૯૩

આકાર આપવામાં ફાળો આપનાર ભૂતકાળની આવી ગતિવિધિઓની આપણે અવગણના કરી શકીએ નહીં. 'દલિતત્વ' શબ્દમાં ગુલામીની પરિસ્થિતિનો અર્થ રહેલો છે.[૧૯] આમ, દલિત સંજ્ઞા માત્ર દલિતોની આર્થિક સ્થિતિને જ નહીં પણ તમામ ક્ષેત્રમાં છેવાડાની સ્થિતિને લક્ષમાં લે છે. દલિત સંજ્ઞા દ્વારા સ્પષ્ટ રીતે દલિત સમાજની સ્થિતિ તાદૃશ્ય થાય છે. આમ તો સાહિત્યમાં 'દલિત સાહિત્ય' એવો શબ્દપ્રયોગ હંમેશા ચર્ચાસ્પદ રહ્યો છે. એની સામે ઉદ્‌ભવકાળથી પ્રશ્નો ઊભા કરવામાં આવ્યા છે. જેમ કે એને 'દલિત' એવા અલગ શબ્દની જરૂર નથી, સાહિત્ય એ માત્ર સાહિત્ય જ છે એને સીમિત કરવાની જરૂર નથી વગેરે.

'દલિત સાહિત્ય' શબ્દપ્રયોગથી સ્પષ્ટ થાય છે કે આ સાહિત્ય 'દલિત' શબ્દ સાથે સંકળાયેલું છે. એનો વર્ણ્ય વિષય દલિત સમાજ છે. એમાં માત્ર દલિત સમાજનું દર્શન જ નહીં પરંતુ દલિત સમાજની સમસ્યાઓ એનો હલ, ઐક્યતા, માનવતા વગેરે પણ અભિપ્રેત છે. સામાન્ય રીતે કહેવાય છે કે સાહિત્યમાં કોઈ વિશેષણની જરૂર નથી પરંતુ ભૂતકાળમાં અને વર્તમાનમાં રચાતા સાહિત્યમાં વિશેષણો પ્રયોજાયાં જ છે. દા.ત. જૈન સાહિત્ય, ચારણી સાહિત્ય વગેરે. આ ઉપરાંત ભાષા, સ્વરૂપ અને પ્રકારની દૃષ્ટિએ પણ આવું વર્ગીકરણ જોવા મળે છે એટલે 'દલિત' નામાભિધાન પ્રત્યે વિરોધ અસ્થાને છે. દલિત સાહિત્યના હેતુ-ઉદ્દેશ, સ્વરૂપ અને પ્રકાર, એનું સૌંદર્યશાસ્ત્ર, કલાકીય માપદંડો વગેરે અનેય સાહિત્યથી જરા જુદાં પડે છે. માત્ર દલિતો દ્વારા લખાયેલું સાહિત્ય એમ કહીશું તો પણ એ સંકુચિત અને સીમિત ગણાશે. માત્ર દલિતો દ્વારા જ નહીં પણ બિનદલિતો દ્વારા લખાયેલ સાહિત્યને પણ દલિત સાહિત્ય કહી શકાય. કારણ કે માત્ર દલિત સાહિત્યકારોએ લખેલું સાહિત્ય એટલે દલિત સાહિત્ય ગણીએ તો એની વિભાવના સામે પ્રશ્નો ઊભા થાય. સંકુચિત વૃત્તિ સાહિત્યમાત્રને સીમિત બનાવે છે. સાહિત્ય

---

૧૯. નયા માર્ગ, તંત્રીઃ ઈન્દુકુમાર નાની, અરુણા મહેતા, ૧૯૯૬, પૃ.૯

એ કોઈ એક વર્ગ, જાતિ કે જ્ઞાતિ, પ્રાંત, દેશ માટેની નિયત કરેલી ચીજ નથી. એને કોઈ વાડાબંધી હોઈ શકે નહીં. આવો ભેદ રાખવો એ પણ એક નોખા પ્રકારની અસ્પૃશ્યતા ગણાશે. દલિત સાહિત્ય બધા માટે છે. એને નિમ્ન સ્તરનું ગણવાથી એનાં કલાકીય ધોરણોની અવગણના થશે નહીં એવો પૂર્વગ્રહ દૂષિત વિચારધારા વ્યક્ત કરે છે. ખરેખર તો કોઈ પણ સર્જકે રચેલું હોય પણ એવી કૃતિ સાહિત્યકૃતિ બને છે કે નહીં એના માપદંડોના આધારે એની ગણના થવી જોઈએ. એટલે દલિત સાહિત્ય કોઈપણ સર્જક દ્વારા લખાયેલું હોય તે દલિત સાહિત્ય છે જેમાં એના જીવનની વાસ્તવિક સ્થિતિનું આલેખન, એની મનઃસ્થિતિ, દલિત સંવેદનોની અભિવ્યક્તિ, એની સમસ્યાઓ, અસ્મિતા, ચેતના, સંઘર્ષ, આક્રોશ, વેદના, વિદ્રોહ ઉપરાંત માનવતા, ઐકયતા, શૌષણવિહીન સમાજરચવા, સમાનતા, બંધુતાનો ભાવ એમાં સચવાયેલો હોવો જોઈએ.

ગુજરાતી સાહિત્યકારોએ દલિત સાહિત્યને વ્યાખ્યાયિત કરવાના પ્રયત્નો કર્યા છે. એના પરથી પરથી દલિત સાહિત્યની વિભાવના સ્પષ્ટ થાય છે. દીપક મહેતાએ દલિત સાહિત્યને વ્યાપક અને વૈશ્વિક પરિપ્રેક્ષ્યમાં મૂકતા નોંધ્યું છે કે, ‘આજ સુધી અસ્પૃશ્ય ગણાતા લોકોએ લખેલું કે તેમના વિશે લખાયેલું સાહિત્ય એટલે દલિત સાહિત્ય એવો સંકુચિત અર્થ દલિત સાહિત્યનો ન જ કરવાનો હોય, દલિત સાહિત્ય એ કોઈ એક વર્ણ કે વર્ગનું સાહિત્ય નથી. દુનિયામાં જ્યાં ક્યાંય દલિત-પીડિત-શોષિત-ક્ષુધાર્ત સમાજ હોય તેની સાથે ચૈતસિક અને ભાવનાત્મક ઐક્ય નિપજાવી શકે તે દલિત સાહિત્ય, દલિત સાહિત્યના કેન્દ્રબિંદુ પર માણસ ઊભો છે. દેવ, ધર્મ કે દેશ કરતાં પણ માણસ વડેરો છે. જે સાહિત્ય સમ્યક્ પરિવર્તન માટે ક્રાંતિની આવશ્યકતા સ્વીકારતું હોય તે દલિત સાહિત્ય. આવી ક્રાંતિના આગમનનાં એંધાણ આપનાર સાહિત્ય એ દલિત સાહિત્ય. એ વેરઝેર કે બદલાની ભાવના ફેલાવનારું સાહિત્ય નથી. દલિત સાહિત્ય એ કોઈ વ્યક્તિ કે

જૂથનું વિરોધી સાહિત્ય નથી. દલિત સાહિત્ય માનવમાત્રની મહત્તા અને મુક્તિનો પુરસ્કાર કરે છે.'[૨૦]

ડૉ. સૂર્યનારાયણ રણસુભેના શબ્દોમાં પણ કંઈક આવો જ સૂર પ્રગટે છે. એમણે કહ્યું છે જે સાહિત્યમાં જીવનની સંવેદનાને પ્રખરતાથી પકડવામાં આવી હોય તે દલિત સાહિત્ય કહેવાય. પછી ભલે ને કોઈ પણ વર્ણ કે જાતિ અથવા વ્યક્તિ દ્વારા લખવામાં આવ્યું હોય.[૨૧]

ઉપરોક્ત વ્યાખ્યામાં દલિત સાહિત્યની સંજ્ઞા વધુ સ્પષ્ટ થાય છે અને વધુ વિશાળ અર્થમાં મનુષ્ય અને સાહિત્યનું ગૌરવ કરે છે. જોસેફ મેકવાને દલિત સાહિત્યની વ્યાખ્યા કંઈક આ રીતે કરી છે : ''એ (દલિત સાહિત્ય) પંડ્યની પીડાનું અવતરણ છે.'' તો નીરવ પટેલની વાતમાં ડૉ. દીપક મહેતાની વાતનો પડઘો સંભળાય છે. એ લખે છે કે જે લોક સમુદાયો જાતિગત દમન તથા અસ્પૃશ્યતાને કારણે સામાજિક-સાંસ્કૃતિક-આર્થિક એવા જીવનના દરેકે-દરેક ક્ષેત્રે પાયમાલ તથા અસ્મિતાના સંઘર્ષમાં પૂરી નિષ્ઠા ને પાકી પ્રતિબદ્ધતાની કલમ લઈને જોતરાય તે દલિત સાહિત્યકાર ને એવું સર્જન તે દલિત સાહિત્ય. એ સ્પષ્ટ કરવાની ભાગ્યે જ જરૂર રહે છે કે આ સાહિત્યિક મર્યાદાઓ સ્વૈચ્છિક રીતે સ્વીકારી દલિત સાહિત્ય સર્જનાર કોઈ પણ હોઈ શકે-દલિત-અદલિત.[૨૨] પ્રા. યશવંત વાઘેલાએ દલિત સાહિત્યની વ્યાખ્યા કરતા એનો અસ્મિતાની શોધ અને ઓળખરૂપે ઉલ્લેખ કર્યો છે. શિરીષ પંચાલે કહ્યું છે કે, ''અસ્તિત્વને ટકાવી રાખવા માટે ઝઝૂમતા કચડાયેલા મનુષ્યની હૃદયગત અનુભૂતિને શબ્દો દ્વારા અનુભવાતી કોઈ પણ સર્જકની કૃતિને

---

૨૦. વિસ્ફોટ, ગુજરાતી દલિત કવિતા સંચય, ડૉ. ગણપત પરમાર, મનીષી જાની, પ્રસ્તાવના, દીપક મહેતા, ૧૯૮૪

૨૧. ભદ્રેસરિયા (ડૉ.) ડી. એમ., દલિતેતર સર્જકોનું દલિત કથા સાહિત્ય, ગુજરાતી દલિત સાહિત્ય અકાદમી, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ ૨૦૧૨, પૃ. ૨૫

૨૨. ચાંદની, દલિત સાહિત્ય વિશેષાંક મુલાકાત, નીરવ પટેલ, ૧૯૮૭

વ્યાપક અર્થમાં દલિત સાહિત્ય તરીકે ઓળખાવવું મુનાસિબ માનવું જોઈએ.''[૨૩] અજિત ઠાકોરે આપેલી દલિત સાહિત્યની વ્યાખ્યા વધુ સૂક્ષ્મ વિગતોને અંકે કરે છે. તેઓ નોંધે છે : ''દલિતજનની ઓળખની સ્પષ્ટ મુદ્રા જે કૃતિમાંથી પ્રગટ થતી હોય તે દલિત સાહિત્ય જ છે. દલિત સાહિત્ય એટલે દલિત સર્જક ચેતનાનું સાહિત્યકળારૂપે થયેલું રૂપાંતર.''[૨૪] દલિત સાહિત્યની વ્યાખ્યા કરતા હરીશ મંગલમે નોંધ્યું છે કે, ''દલિત સાહિત્ય આખરે તો ઇચ્છે છે સમાનતા, સંવાદિતા. એનું તેજસ્વી પાસું તો એ છે કે Dalit Consciousness Dalit Identity. ઉપરાંત બીજાં માનવમૂલ્યોને સંદર્ભે પણ લખાય છે.''[૨૫]

દલિત સાહિત્ય વિશે દલિત સાહિત્યકાર ડૉ. મોહન પરમારે કહ્યું છે કે દલિત સાહિત્યની વિભાવના બહુ અટપટી છે. તે બીજી રીતે જોઈએ તો ગુજરાતી સાહિત્ય કરતાં દલિત સાહિત્યની વિભાવના જુદી પણ નથી. છતાં દલિત સાહિત્યને અનોખું પુરવાર કરતાં પરિબળો જ તેની વિભાવના છે ને તેથી એમણે કહ્યું છે તે અનુસાર દલિત સાહિત્યની વિભાવના નીચે મુજબ સ્પષ્ટ કરવામાં આવી છે.

૧. દલિત પરિવેશ
૨. વર્ણ્ય વિષયવસ્તુ લેખે દલિતોની મૂળભૂત સમસ્યાઓનું નિરૂપણ
૩. દલિત પાત્રોની વાણી, વર્તન અને તેની રીતભાત
૪. દલિત કૃતિ અને સમગ્ર કૃતિનો અર્થ સંદર્ભ
૫. ક્રિયાઓમાંથી ઊભરી આવતાં આંતરિક અને બાહ્ય સંચલનો
૬. પરિસ્થિતિઓમાં રચાયેલા દલિત સમસ્યાઓના અદૃષ્ટ સંકેતો

---

૨૩. સન્નિધિ સાહિત્યની, લે. શિરીષ પંચાલ

૨૪. વિ દલિત ગુજરાતી વાર્તા, ૧૯૯૫, સંપા. અજિત ઠાકોર, પૃ.૬

૨૫. વિદિત, હરીશ મંગલમ્, ૧૯૮૯, પૃ.૧૭

૭. અપરિચિત વાસ્તવમાં ઊભરી આવતી દલિતચેતના[૨૬]

દલિત સાહિત્યની સમ્યક્ વિભાવના સ્પષ્ટ કરતાં પ્રવીણ દરજીએ નોંધ્યું છે કે, ''દલિત સાહિત્યસંજ્ઞાને આમ સીમિત કુંડાળામાંથી બહાર કાઢવાની રહે છે. તેઓ દલિત સાહિત્ય પાસે વિશેષ કળાકીય ધોરણોની અપેક્ષા સેવે છે જે યોગ્ય છે. જેમ કે તે પોતાની વાતનો પ્રસાર કરવા માગતો હોય તો તેની પાસે બીજાં અન્ય ઘણાં સાધનો હાથવગાં છે પણ કળાની પ્રસ્તુતિ દ્વારા જ તે કાર્ય કરવા ઇચ્છતો હોય તો સ્વાભાવિક રીતે કળાના નિયમો-નિયમનો સ્વીકારવાં પડે. એ રીતે જોતાં દલિત સાહિત્ય સંદર્ભમાં વિશેષણ 'દલિત' ઓગળી જઈ 'સાહિત્ય'દલિત સંવેદનને લક્ષતું- એ વાત ઉપર તરી રહેવી જોઈએ.''[૨૭]

'ગુજરાતી દલિત કવિતાના વિશેષો' લેખમાં દલિત કવિતાના આસ્વાદ અને મૂલ્યાંકન માટે કંઈ ભૂમિકા હોવી જોઈએ એનો વિચાર કરતા ડૉ. રાજેશ પંડ્યાએ કરેલું વિધાન દલિત ટૂંકી વાર્તા સંદર્ભે પણ ધ્યાનમાં રાખવા જેવું છે. એમણે કહ્યું છે કે, ''દલિત કવિતા-સાહિત્ય, સાહિત્ય-કવિતા કળાના ધોરણે જ સમીક્ષા થવી જોઈએ.''[૨૮]

દલિત સાહિત્યની વિભાવનાને સ્પષ્ટ કરતા શ્રી અડસૂળે કહે છે કે, ''દિશાહીન વિચારોનું અને પ્રવૃત્તિનું કલ્યાંત કરવા સિવાય દલિત સાહિત્ય પાસે બીજું શું છે ?'' અહીં ઊભા કરેલા પ્રશ્નાર્થમાં ઉત્તર નિહિત છે.[૨૯]

---

૨૬. સૂરજમુખીઃ દલિત સાહિત્ય વિશેષાંક, ૧૪, એપ્રિલ ૨૦૦૧, સંપા. ભીખુ વેગડા અને અન્ય. પૃ.૧૧૪-૧૧૫

૨૭. પ્રતિનિધિ દલિત વાર્તા, સંપા. હરીશ મંગલમ્, પ્રસ્તાવના, પ્રવીણ દરજી, પૃ.૬

૨૮. ગુજરાતી દલિતા સાહિત્યનાં લેખાં-જોખાં, સંપા. નાથાલાલ ગોહિલ, પ્ર. ગુજરાતી સાહિત્ય અકાદમી, પ્રથમ આવૃત્તિ ૨૦૧૩, પૃ.૨૧

૨૯. નરસિંહ ઉજમ્બા, નિબંધસંગ્રહ, પૃ.૫

દલિત સાહિત્યની વ્યાખ્યાઓને ધ્યાનમાં લેતા તેની ચોક્કસ વિભાવના ઘડી શકાય. દલિત સાહિત્યે કેટલીક રૂઢ સંકલ્પનાઓ જડમૂળમાંથી ઉખાડી દીધી છે. એવી જ રીતે ઘણું બધું નવું અપનાવ્યું છે. એ યાતના અને વિદ્રોહનું સાહિત્ય છે. માનવીય ગરિમાનું અને અસ્મિતાનું સાહિત્ય છે. દલિત સાહિત્યમાં સામાજિક સંવાદિતા, ન્યાયી સમાજ વ્યવસ્થા, સમાનતા, સ્વતંત્રતા એ બંધુતા પ્રસ્થાપિત કરવાની વિધેયાત્મકતા છે. દલિત સાહિત્યની વ્યાખ્યાઓને આધારે લાક્ષણિકતાઓ નીચે પ્રમાણે દર્શાવી શકાય.

- દલિત સાહિત્યનો વિષય દલિત સમાજ છે. એટલે કે દલિત સમાજજીવનના સંદર્ભે લખાતું સાહિત્ય છે.
- દલિત સાહિત્યમાં દલિત સમાજને વેઠવી પડેલી યાતના-વેદના-યંત્રણા-અત્યાચારોનું આલેખન હોય છે.
- દલિત સાહિત્ય એ નકારનું સાહિત્ય છે. અસમાન સમાજવ્યવસ્થા, રૂઢ પરંપરાઓ સામે વિરોધ, વિદ્રોહ પ્રગટ કરે છે.
- એમાં અન્યાય સામે આક્રોશ, આવેશ, ચીડ અને ઉગ્રતાનું નિરૂપણ થાય છે.
- એમાં વર્ગ અને વર્ગપ્રેરિત વાદ સામે વિદ્રોહ જોવા મળે છે.
- દલિત સાહિત્યમાં સ્વાનુભૂત સચ્ચાઈ અને વાસ્તવિક પ્રામાણિકતાના દર્શન થાય છે.
- દલિત સાહિત્યમાં દલિત અસ્મિતા અને દલિત અસ્તિત્વની ઓળખ અને શોધનો પ્રયાસ હોય છે.
- દલિત સાહિત્યના કેન્દ્રમાં માનવ હોય છે.
- દલિત સાહિત્યમાં સ્વતંત્રતા, સમાનતા, બંધુતા જેવાં માનવમૂલ્યોની માવજત થાય છે.

- દલિત સાહિત્ય સામાજિક ચળવળના ભાગરૂપે પણ લખાતું હોય છે. આમ, દલિત સાહિત્ય એક આંદોલન છે.
- દલિત સાહિત્ય પ્રગતિશીલ, ઉદ્દામ, બિનસાંપ્રદાયિક, તર્કનિષ્ઠ, વૈજ્ઞાનિક અભિગમને વરેલું, સામાજિક આંદોલનનું સાહિત્યિક રૂપ છે.
- દલિત સાહિત્યમાં ક્રાંતિકારી પરિવર્તનની અભિવ્યક્તિ હોય છે.
- દલિત સાહિત્ય વહેમ-અંધશ્રદ્ધાને જાકારો આપે છે અને અસમાનતા સામે જંગ માંડે છે.
- દલિત સાહિત્ય નૂતન યુગના આવિષ્કારની આલબેલ પોકારે છે.
- દલિત સાહિત્ય દલિત જીવનની અભિજ્ઞ યાતનાઓ, ઉપેક્ષાઓ અને અપેક્ષાઓ, અભાવ અને અસ્તિત્વના ઉત્થાનની પારદર્શી તથા પ્રામાણિક અભિવ્યક્તિ છે.
- દલિત સાહિત્યમાં દલિતવર્ગની પીડા વિશેષ છે તો સાથોસાથ દલિત સમાજના ઉત્સવ, આનંદ, મહત્ત્વાકાંક્ષાનું નિરૂપણ પણ છે.
- દલિત સાહિત્ય દલિત સમાજથી માંડીને બહુજન સમાજની સંવેદનાને અભિવ્યક્ત કરે છે.
- દલિત સાહિત્યમાં સવિશેષ દલિત સમાજની કે પ્રદેશની લોકબોલી પ્રયોજાય છે.
- દલિત સાહિત્ય સામાજિક ન્યાય માટે પ્રતિબદ્ધ અને કટિબદ્ધ છે.
- દલિત સાહિત્ય જીવનને નૂતન અર્થ આપનારું સાહિત્ય છે.
- દલિત સાહિત્ય માનવજીવનની કલ્યાણભાવનાને ઉજાગર કરે છે અને વિશ્વૈક્ય તેમજ વિશ્વશાંતિના પરમ ધ્યેયને વરેલું છે.
- દલિત સાહિત્યમાં દલિત સમાજની ચેતનાનું સાહિત્યિક અને કલાકીય રૂપાંતર થયેલું હોય છે.

- દલિત સાહિત્ય માનવ-માનવ વચ્ચેના તમામ ભેદભાવ દૂર કરીને માનવને માનવ સાથે જોડવાનું કામ કરે છે.

દલપત ચૌહાણ દલિત વાર્તાને તપાસતા નીચે મુજબનાં લક્ષણો ધ્યાનમાં લેવા જોઈએ તેમ કહે છે.

૧. દલિત જાનપદી પરિવેશ

૨. દલિત પરિવેશ નિરૂપણમાં ખપમાં લીધેલ કથાવસ્તુ કે વર્ણ્યવસ્તુ જેમાં દલિતજીવન, સમસ્યાઓનો સમાવેશ થાય છે.

૩. આ ઉપરોક્ત સામગ્રીને અનુલક્ષીને સર્જાઈ આવતાં પાત્રો કે પાત્રા-લેખન

અ) દલિત માનવીય સંવેદન ધરાવતાં પાત્ર

બ)માનવીય સંવેદન ધરાવતાં પાત્ર

૪. ઐતિહાસિક સંદર્ભ-ઇતિહાસ, મિથનો નવીન અર્થ ધરાવતી વાર્તાઓ

૫. દલિત સંદર્ભે સવર્ણોની સંવેદનાઓ ધરાવતી વાર્તાઓ

૬. દલિતોની સવર્ણ સંદર્ભોની સંવેદનાઓ ધરાવતી વાર્તાઓ.

૭. સ્થળ વિશે,

૮. બોલી વિશેષ

આ ઉપરાંત તેઓ અન્ય લક્ષણોમાં સામાજિક સમરસતાને ધ્યાનમાં રાખવાનું કહે છે. હળહળતા અમાનવીય અન્યાયો અને વિદ્રોહ, આક્રોશ પણ મૂળ લક્ષણોમાં સમાવવા જોઈએ. છતાં વાર્તાકળાનાં લક્ષણોમાં હાનિ પહોંચવી જોઈએ નહીં.[૩૦]

દલિત સાહિત્યને ઘડનારાં પરિબળોની ચર્ચા કરીએ ત્યારે ખ્યાલ આવે છે કે આ સાહિત્યનો કંઈ એકાએક પ્રારંભ નથી થયો. ગૌતમ બુદ્ધથી માંડી વીર

---

૩૦. ચૌહાણ દલપત, ગુજરાતી દલિત સાહિત્યની કેડીએ, ગુજરાત દલિત સાહિત્ય અકાદમી, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, ૨૦૦૮. પૃ. ૮૧-૮૨

મેઘમાયો, મહાત્મા જ્યોતિબા ફૂલે, ડૉ. બાબાસાહેબ આંબેડકર, રમાબાઈ આંબેડકર, બિરસા મુંડા, વિરાંગના ઝલકારીબાઈ, મહાત્મા ગાંધી જેવી વિભૂતિઓની વિચારધારાના પડઘા એમાં ભળેલા છે. આ ઉપરાંત દલિત પેન્થર્શ અને જુદાં-જુદાં આંદોલનોએ તેમજ અન્ય ભાષાના સાહિત્યની અસરે પણ એમાં મહત્ત્વનો ભાગ ભજવ્યો છે.

ગૌતમ બુદ્ધે ૨૫૦૦ વર્ષ પહેલા સારનાથ પાસે પોતાના અનુયાયીઓને સંબોધન કરી ઈશ્વરની સંકલ્પનાનો ઈન્કાર કરી તેમને અંધવિશ્વાસ, ક્રોધ, લાલચ, તૃષ્ણા જેવા અંધકારમાંથી બહાર કાઢીને પરિવર્તનનો સંદેશ આપ્યો હતો. એમણે કહ્યું કે હું કહું છે એવું નહીં પણ પોતાની બુદ્ધિથી, તર્કથી વિચાર કરીને યોગ્ય લાગે તો તેનું પાલન કરો. આ વિચારધારામાં સ્વતંત્રતા, સમાનતા અને બંધુતાનો સંદેશો હોઈ એ બહુજનસુખાયના સિદ્ધાંતને અનુસરે છે.

વીર મેઘમાયો સં.૧૧૪૫ થયા. એમની વિચારધારાએ વ્યક્તિને જાગૃત કરવાનું કામ કર્યું. સંગઠિત કરવાનું કાર્ય શરૂ કર્યું. એમણે વ્યક્તિને મૂલ્યોની જાણકારી આપી અને મનુષ્યજીવન જીવવા માટે સતત પ્રેરિત સામાજિક આંદોલનની ચળવળો કરી. પરિણામે એમને વિરોધનો ભોગ બનવું પડ્યું. તેઓ અછૂતોદ્ધારક સંત મહાપુરુષ હતા અને માનવવાદી સમાજના હિતેચ્છુ, બૌદ્ધધર્મ પ્રચારક હતા. એમણે દલિતોના માનવીય અધિકારો દ્વારા એ સમયમાં આ વિચારધારાને મજબૂત કરવામાં મહત્ત્વનો ફાળો આપ્યો છે.

જ્યોતિબા ફુલેનો જન્મ શૂદ્ર જાતિમાં આવતી એક માળી જાતિમાં થયો. મૂળનામ જ્યોતિરાવ ગોવિન્દરાવ ફૂલે. એક મિત્રની જાનમાંથી તેઓને અછૂત માનીને કાઢી નાખવામાં આવ્યા ત્યારથી એમનામાં જાગૃતિની જ્યોત પ્રજ્વલિત થઈ. એમણે સમાજવ્યવસ્થામાં પરિવર્તનનો પાયો નાખ્યો. મહિલા શિક્ષણ, પ્રૌઢશિક્ષણ, સંગઢન, સામાજિકક્ષેત્ર, સાહિત્યક્ષેત્ર, કામદારક્ષેત્રે એમનું યોગદાન

પ્રસિદ્ધ છે. તેઓ મહિલા ઉત્થાન તેમના શૂદ્ર-અતિશૂદ્ર સમાજની જાગૃતિ માટે સતત સંઘર્ષ અને પરિશ્રમ કરતા રહ્યા. પોતે વિચારતા કે મારો અને બ્રાહ્મણનો એક જ ધર્મ છે તો પછી મને હીન શા માટે માનવામાં આવે છે ? ધર્મ જ જો આવું શીખવાડે તો પછી સાચો ધર્મ કોને કહેવો ? સત્ય બોલવું, તેનું આચરણ કરવું એ જ માનવીય ધર્મ છે અને પ્રાર્થના કરવી જ હોય તો પછી માનવધર્મની કેમ ન કરીએ ? જ્યોતિબાના સમયમાં સમાજ રૂઢિચુસ્ત બ્રાહ્મણો, શાહુકારો, જમીનદારો અને શાસકોની નાગચૂડમાં ભીંસાતો હતો. એવા વખતે એમણે સામાજિકક્ષેત્રે સુધારાની પહેલ કરી. એમણે અસ્પૃશ્યો અને સ્ત્રીઓ માટે શિક્ષણનો પ્રારંભ કરી લોકોને વાંચન પ્રતિ અભિમુખ કરી જાગૃત કર્યા. જ્યોતિબાએ શિક્ષા-પ્રસારના માધ્યમથી સ્ત્રીઓ, દલિતો, શૂદ્રાતિશૂદ્રોને જગાવવાનો અપ્રતિમ સફળ પ્રયાસ કર્યો છે.[૩૧]

જ્યોતિબા ફૂલે ઈ.સ. ૧૯૮૨માં પોતે એક સ્વતંત્ર વાંચનાલય શરૂ કરે છે અને ૧૮૭૩માં સત્યશોધક સમાજની સ્થાપના કરે છે. તેઓ અસ્પૃશ્યોને ઉદ્દેશીને શીખ આપતાં કહે છે, પોતાના સુખ માટે બીજા અસહાય લોકોને દુ:ખ પહોંચાડવાથી પુણ્ય મળતું નથી. પશુ-પંખીમાં કોઈ જાતિભેદ નથી તેમ માનવમાં પણ કોઈ જાતિભેદ હોવો જોઈએ નહીં.

સાવિત્રીબાઈ ફૂલેનું કાર્ય પણ જે સમયમાં અસ્પૃશ્યોને ભણાવવા કોઈ તૈયાર ન હતું એવા સમયે સરાહનીય બની રહ્યું. તેઓએ વિદ્યાર્થીકાળથી જ નિગ્રોની ગુલામી વિરુદ્ધ સંઘર્ષ કરનારી થોમસ ક્લાર્કસેનના જીવનચરિત્રનું અધ્યયન કર્યું હતું. વિદ્યા વગર કોઈ પણ પ્રકારનો વિકાસ સંભવ નથી એવું જ્યોતિબા ફૂલે માનતા અને એમણે સ્ત્રીશિક્ષણને પ્રાધાન્ય આપ્યું તેમજ પુરુષોના પહેલા સ્ત્રીઓને સ્ત્રીશિક્ષિત બનાવવાનું કાર્ય પ્રથમ થવું જોઈએ આવું પ્રતિપાદન કરનાર જ્યોતિરાવ

૩૧. જોતીપુંજ મહાત્મા ફુલે (હિન્દીમાં), લે. જિયાલાલ આર્ય, પ્રકાશન સંસ્થાન, નઈ દિલ્લી, પૂર્વપીઠિકા, પૃ.૧

ફૂલે પ્રથમ ભારતીય હતા. એમની પાસે વિશાળ દીર્ઘદૃષ્ટિ હતી અને એનો પ્રભાવ સાવિત્રીબાઈ ફૂલેની જીવશૈલી પર પડ્યો. સાવિત્રીબાઈ પતિની સાથે દરેક વખતે સાથે રહ્યાં. પોતે સંસાર, બાળક, ઘર જેવાં સાંસારિક સુખોનો ત્યાગ કરી સાર્વજનિક જીવન જીવ્યાં. પોતે ઈ.સ. ૧૮૪૮માં કન્યાશાળામાં શિક્ષિકા બન્યાં. એ ભારતમાં પ્રથમ મહિલા શિક્ષિકા તરીકેની નિમણૂક હતી. અહીં ખૂબ વિરોધ થયો પછી પૂનામાં અછૂત વસ્તીમાં અછૂત છોકરા-છોકરીઓ માટે પાઠશાળા શરૂ કરી જે ભારતની પ્રથમ અછૂતો માટેની સ્કૂલ હતી. સાવિત્રીબાઈએ ભારતમાં સ્ત્રી મુક્તિ આંદોલન, ૧૮૯૭ની મહામારી તેમજ અછૂત મહાર બાળકોને બીમારીથી બચાવી તેની દવા કરી પોતે રોગનો ભોગ બન્યા ત્યાં સુધી સેવા કરી.

ભારતરત્ન મહામાનવ ડૉ. બાબાસાહેબ આંબેડકરનો જન્મ ૧૪-૦૪-૧૮૯૧ના રોજ મધ્યપ્રદેશમાં આવેલ મહુની લશ્કરી છાવણીમાં થયો હતો. પોતાને માતા-પિતા તરફથી કબીરપંથના ધાર્મિક સંસ્કાર વારસામાં મળ્યા હતા. પોતે હિન્દુ સમાજમાં અછૂત ગણાતી મહાર જાતિમાં જન્મ્યા હોવાથી તેમને શિક્ષણનો અધિકાર નથી એમ તે વખતે હિન્દુ સમાજ માનતો હતો. તેમ છતાં પિતા લશ્કરમાં હોવાથી બાળકોને શિક્ષણ આપવાની તેમની ધગશને કારણે સરકારની દરમ્યાનગીરી દ્વારા તેમને નિશાળની તક મળી. તેઓને શિક્ષણકાર્ય દરમ્યાન અનેક સંઘર્ષમાંથી પસાર થવું પડ્યું હતું છતાં અનેક મુશ્કેલીઓ વચ્ચે પોતે અભ્યાસ કરતા રહ્યા. પોતાના પિતાને પણ અંગ્રેજ સરકાર દ્વારા અછૂતોને બિનસૈનિક કોમ ગણવામાં આવી હોવાથી નોકરીમાંથી નિવૃત્ત થવું પડ્યું. ભીમરાવ આંબેડકરે ઉચ્ચ અભ્યાસમાં ખૂબ મહેનત કરી એ સમયમાં મહારાજા સયાજીરાવ પાસેથી માસિક રૂ.૨૫ની શિષ્યવૃત્તિ મેળવી અને પછી વડોદરાના મહારાજાની જ આર્થિક મદદથી અમેરિકામાં ઉચ્ચ અભ્યાસ માટે ગયા. ત્યાંનું સ્વતંત્ર અને ચેતનાભર્યું વાતાવરણ બાબાસાહેબના નવા વ્યક્તિત્વના ઘડતરમાં પોષક બની રહ્યું. બે વર્ષનો સખત પરિશ્રમ કરી પછીથી

શોધનિબંધ તૈયાર કર્યો અને કોલંબિયા યુનિવર્સિટીએ તેમને પીએચ.ડીની ઉપાધિ આપી અને એક દલિત યુવાન આ રીતે 'ડૉક્ટર આંબેડકર' બન્યા. પછીથી વડોદરા રાજ્યમાં નોકરી પર ગયા. ત્યાં પણ કડવા અનુભવો થયા અને ખૂબ આઘાત લાગ્યો. મહારાજા સયાજીરાવ ગાયકવાડ પાસે રહેવાની વ્યવસ્થાની વાત પોતે વારંવાર મૂકી પણ દીવાન મંજૂર ન થયા અને આવા અપમાન બદલ પોતે નોકરી છોડી મુંબઈ ગયા. આ દરમ્યાન સીડનહામ કોલેજમાં પ્રોફેસરની નોકરી મળી અને ડૉ. આંબેડકર મુંબઈના શિક્ષણજગતમાં જાણીતું નામ બન્યું. ૧૯૨૦માં તેમણે 'મૂક નાયક' નામે સામયિક શરૂ કર્યું. ત્યારબાદ વધુ અભ્યાસાર્થે લંડન ગયા. ત્યાં ૧૯૨૨માં બેરિસ્ટરની પરીક્ષા આપી. ૧૯૨૬માં ભારત પાછા આવ્યા અને મુંબઈમાં બેરિસ્ટ તરીકે વકિલાત શરૂ કરી. અહીં ગણનાપાત્ર સફળતા મેળવી અને તેઓ જાહેરક્ષેત્રે આગળ આવ્યા.

સામાજિક અસમાનતાની નાબૂદી માટે તેમણે દલિત કાર્યકરો અને સમાજસુધારકોની સાથે રહી ''બહિષ્કૃત હિતકારિણી સભા''નું નિર્માણ કર્યું. દલિતોને પોતાના ઉદ્ધાર માટે તૈયાર થવા એલાન કરી ડૉ. આંબેડકરે પોતાના હક્ક માટે લડવાની પ્રેરણા આપી. ૧૯૨૭માં મહાડના તળાવમાંથી અછૂતોને પાણી મળવાના પ્રશ્ને બાબાસાહેબે આંદોલન ચલાવ્યું. તો કાલારામ મંદિર પ્રવેશ (૧૯૩૦) પણ દલિતોના મંદિર પ્રવેશ માટેના અધિકારનું આંદોલન હતું. ત્યારબાદ બહિષ્કૃત ભારત અખબાર દ્વારા અછૂત વર્ગમાં જાગૃતિનો નારો ગૂંજતો કર્યો. ડૉ. આંબેડકરે કહ્યું છે કે દલિતોને પોતાનો ઉદ્ધાર પોતે જ કરવો પડશે. બીજા વ્યક્તિ પર આધાર રાખી શકાય નહીં. આંબેડકરે અસ્પૃશ્ય ગણાતી બધી જાતિઓને એકત્રિત કરી સંગઠિત કરવાનો પ્રયત્ન કર્યો અને શોષિતો દલિતોની સ્વતંત્રતા માટે સંઘર્ષ શરૂ કર્યો[૩૨]

૩૨ વાઘેલા (ડૉ.) નરેશ, દલિત સંપ્રત્યય, શબ્દાલોક પ્રકાશન, અમદાવાદ, પૃ.૪૦

૧૯૩૦માં ડૉ. આંબેડકરે લંડનની પહેલી ગોળમેજી પરિષદમાં અગ્રિમ ભાગ લીધો. દલિતો માટે પોતાનો અવાજ રજૂ કર્યો અને દલિતોના હક્કની વાત કરી. ૧૯૪૭માં પં. જવાહરલાલ નહેરુએ પ્રધાનમંડળમાં જોડાવા ડૉ. આંબેડકરને આમંત્રણ આવ્યું અને ડૉ. આંબેડકરે કાયદાપ્રધાન તરીકે શપથ લીધા અને દેશનું બંધારણ તૈયાર કર્યું.

દલિતોને બધા જ મોરચે મુક્તિ અપાવવા ડૉ. આંબેડકરે આખી જિંદગી સંઘર્ષ કર્યો. માત્ર વર્ણવ્યવસ્થાના કારણે જે વ્યક્તિ શૂદ્રમાં જન્મે તેને મૃત્યુપર્યંત અત્યાચાર, અન્યાય અને અપમાન સહન કરવા પડે એ વિચારધારા સામે એમનો ઉગ્ર વિરોધ હતો. પોતે સ્કૂલમાં હતા ત્યારથી જ સ્વાભિમાની હતા. અનેક સંઘર્ષો પછી બૌદ્ધ ધર્મ અપનાવ્યો. આખી જિંદગી ભારતમાં જાતિવ્યવસ્થામાં સમાનતા લાવવા માટે પ્રયત્નો કર્યા. દલિતો માટે તેમણે અસ્પૃશ્યતા દૂર કરવા સાહિત્યક્ષેત્રે તથા સમાજક્ષેત્રે આપેલું યોગદાન ઓછું નથી.

'દલિત સાહિત્યનું સૌંદર્યશાસ્ત્ર' પુસ્તકમાં જણાવ્યું છે તે યથાર્થ જ છે કે, ''બાબાસાહેબ આંબેડકરે માનવતાવાદને સર્વોચ્ચ સ્થાન આપ્યું છે. આંબેડકર પ્રેરિત દલિત સાહિત્યે મનુષ્યને કેન્દ્રમાં રાખ્યો છે. મનુષ્યની સ્વતંત્રતાની જાહેરાત કરી છે.''[૩૩] ડૉ. આંબેડકરને ૧૯૪૨માં કેનેડામાં પદદલિતોના પ્રશ્નો અંગે સંશોધન પેપર પ્રસ્તુત કરવા આમંત્રણ મળે છે.[૩૪] એમાં એમનો આ વિષય પરનો ઊંડો અભ્યાસ અને લગન જોઈ શકાય છે.

બિરસા મુંડા મૂળે રાંચી પ્રાંતના. તેઓ મૂળે આદિવાસીના અધિકારો માટે લડ્યા છે અને કુશળ નેતૃત્વ પૂરું પાડ્યું, એમણે કરેલા આંદોલનથી આદિવાસીઓમાં

---

૩૩. દલિત સાહિત્યનું સૌદર્યશાસ્ત્ર, મૂ.લે. શરણકુમાર લિંબાલે, અનુવાદકઃ હરીશ મંગલમ્, ડૉ. કાન્તિ માલસતર, ગુજરાત દલિત સાહિત્ય અકાદમી, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, ૨૦૧૦, પૃ.૨૪

૩૪. આર્ષદૃષ્ટાઃ ડૉ. બાબા સાહેબ આંબેડકર, લે. પી. જી. જ્યોતિકર, પ્ર. યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ, દ્વિતીય આવૃત્તિ, ૧૯૯૮, પૃ.૮૪

રાષ્ટ્રીય ભાવનાનો વિકાસ થયો. આદિવાસીઓનાં શોષણ અને અત્યાચારો વિરુદ્ધમાં બિરસા મુંડાનું કામ પાયાનું હતું. જમીનની ફરીથી જમીન સાંધણી કરાવી તેમના રેકોર્ડ બનાવવા અને તેના પર આદિવાસીઓની માલિકી હક્ક સુપરત કરાવડાવી ભવિષ્યમાં તેમની ભૂમિ પર બહારના લોકોને સ્થળાંતરિત થવા પર પ્રતિબંધ લગાવ્યો.

ગુજરાતમાં અસ્પૃશ્યો તેમજ આદિવાસીઓની પ્રગતિની દિશામાં સૌપ્રથમ પહેલ કરનાર સયાજીરાવ ગાયકવાડ ત્રીજા હતા એ નોંધવું રહ્યું. ૧૮૮૨માં સયાજીરાવે સગીર રાજવી તરીકે શાસન સંભાળ્યા પછી બીજે જ વર્ષે અસ્પૃશ્યો માટે એક શાળા શરૂ કરી.[૩૫]

ઝલકારીબાઈનો જન્મ ૨૨-૧૧-૧૮૩૦માં ઝાંસીના ભોજલા ગામમાં થયો હતો. પોતે પોતાનો વારસાગત વ્યવસાય કપડાં સીવવાનું કામ કરતી હતી. રાણી લક્ષ્મીબાઈએ પોતાની રુચિ અનુસાર મહેલમાં એક મહિલા સેના નિર્માણ કરી જેમાં મહિલાઓને યુદ્ધનું પ્રશિક્ષણ આપવામાં આવતું હતું. ઝલકારી પણ રાણીની મહિલા સેનામાં ભરતી થઈ અને યુદ્ધનો અભ્યાસ કરવા લાગી.

ઝલકારીબાઈએ એ સમયમાં ઘોડેસવારી, નિશાનેબાજીની તાલીમ મેળવી. એ નિર્ભિક હતી. કોઈ પોતાને સ્ત્રી સમજીને સામે નજર બગાડે તો જવાબ આપવામાં પાવરધી હતી, સાહસિક હતી, ઝનૂની હતી. ઝાંસીની પ્રજામાં ઝલકારીબાઈની ક્રાંતિકારી પહેલથી અંગ્રેજોની વિરુદ્ધ વિદ્રોહની ભાવનાનાં અંકુર ફૂટ્યાં હતાં. પોતે લક્ષ્મીબાઈની જેમ જ પોતાના ઉદ્દેશ પ્રત્યે દૃઢ હતી. એના નિદર્શનમાં તૈયાર થયેલ મહિલા સેનાએ અંગ્રેજોને લલકારી. માતૃભૂમિ માટે બનતા

---

૩૫. મહેતા મકરંદ, હિન્દુ વર્ણ વ્યવસ્થા, સમાજ પરિવર્તન અને ગુજરાતના દલિતો, અમી પબ્લિકેશન, અમદાવાદ, ૧૯૯૫, પૃ. ૩૨

પ્રયત્નો કર્યા. ઝલકારીબાઈએ પ્રજાની ચેતનાને અંગ્રેજો વિરુદ્ધ સંકોરવામાં અને માતૃભૂમિનું રક્ષણ કરવામાં મહત્ત્વનો ભાગ ભજવ્યો છે.

ગાંધીજી અસ્પૃશ્યતાના વિરોધી હતા. તેઓ કહે છે કે, ''અસ્પૃશ્યતા એ હિન્દુધર્મ પર લાગેલું કલંક છે. જો આ અસ્પૃશ્યતાનો ઉકેલ નહીં આવે તો હિન્દુ સમાજ અને હિન્દુધર્મ જોખમમાં મૂકાશે. દલિત સાહિત્યની રૂખ પલટાવવામાં અને તેની ભૂમિકા રચી આપવામાં ગાંધીજીનો ફાળો નાનોસૂનો નથી.''[૩૬] છત્રપતિ શાહુજી, સ્વામી અછૂતાનંદ, પેરિયાર રામાસ્વામી જેવા વિચારકોએ પણ દલિત ઉત્કર્ષ માટે મહત્ત્વપૂર્ણ યોગદાન આપ્યું છે.

આ ઉપરાંત મહારાષ્ટ્રમાં દલિત પેન્થર્સનો જન્મ પણ દલિત સાહિત્યને ઘડનાર મહત્ત્વનું પરિબળ બની રહે છે. મૂળે બ્લેક પેન્થરની પ્રેરણાથી ઈ.સ. ૧૮૭૨માં દલિત પેન્થરની સ્થાપના થઈ ત્યારથી દલિત શબ્દ ઝડપી પ્રચલિત બન્યો. મરાઠી દલિત સાહિત્યનો પ્રભાવ પણ ગુજરાતી દલિત સાહિત્યને ઘડનારાં પરિબળોમાં મહત્ત્વનો ભાગ ભજવે છે. મરાઠી સાહિત્ય એટલું મજબૂત છે કે અનેક ભાષાઓમાં અનુવાદિત થઈને વિસ્તરી અન્ય સાહિત્ય માટે પ્રેરણાસ્રોત બની રહ્યું.

મરાઠી સાહિત્યમાં ડૉ. પાન્તાવાણેએ દ્વારા 'અસ્મિતાદર્શી' સામયિકની શરૂઆત થઈ. એના દ્વારા મરાઠી સાહિત્યને ઐતિહાસિક વળાંક મળ્યો. દલિત સાહિત્યની સક્ષમ અને બળવાન રચના માટે પ્રથમ પંક્તિના સાહિત્યકારોમાં સિ. જ. કાંબળે, કિશન ફાગુ, બનસોડે, અણા રણપિસે, અણાભાઉ સાઠે, દયા પવાર, લક્ષ્મણ માને જેવા સર્જકોનું મોખરાનું સ્થાન છે. મરાઠી સાહિત્યકારોએ દલિતોના દબાયેલા અવાજને વાચા આપી છે. અન્યાય સામે અવાજ ઉઠાવવો, માનવજીવનનું રક્ષણ કરવું વગેરે બાબતો દલિત સાહિત્યમાં મુખ્ય સ્થાને છે. મરાઠી સાહિત્યનાં

---

૩૬ ચાવડા (ડૉ.) દિલીપકુમાર, ગુજરાતી દલિત સાહિત્ય : પ્રાદુર્ભાવ અને પ્રાગટ્ય, ગુજરાત દલિત સાહિત્ય અકાદમી, અમદાવાદ, પૃ.૪૫

કવિતા, વાર્તા, નવલકથા અને ખાસ કરીને આત્મકથા જેવાં સ્વરૂપોમાં દલિતક્ષેત્રે મહત્ત્વનું યોગદાન છે. આ સાહિત્ય પોતાનું અનુભવવિશ્વ લઈને આવે છે ને એટલું અસરકારક છે કે ગુજરાતી દલિત સાહિત્ય એનાથી અળગું રહ્યું નથી. ગુજરાતી દલિત સાહિત્યને પ્રેરણા, પ્રોત્સાહના પૂરું પાડવામાં મરાઠી સાહિત્યનો ફાળો ચોક્કસપણે છે તેમ કહી શકાય.

વિવિધ સામયિકોએ પણ દલિત સાહિત્યને ઘડવામાં મહત્ત્વનો ફાળો આપ્યો છે જેમાં પેંથર, આક્રોશ, કાળો સૂરજ, દલિતબંધુ, દલિત મિત્ર, નયા માર્ગ, ચાંદની, તાદર્થ્ય, વિ, હયાતી, દલિતચેતના, શબ્દસૃષ્ટિ જેવાં સામયિકોએ વિવિધ વિશેષાંકો બહાર પાડી દલિત સાહિત્યને વિસ્તારવાનું કામ કર્યું છે. 'દલિત અધિકાર' પાક્ષિક પણ આ સંદર્ભે મહત્ત્વનું બની રહે છે.

દલિત-અદલિત સર્જકોએ તેમજ જુદાં-જુદાં સામયિકોએ દલિત સાહિત્યને ઘડવામાં મહત્ત્વનો ફાળો આપ્યો છે પરંતુ એ ન ભૂલવું જોઈએ કે દલિત સાહિત્યે પ્રતિબદ્ધતા અને કળાની સમતુલા જાળવવાની છે. આ સંદર્ભે ડૉ. કાન્તિ માલસતરે કહ્યું છે કે, ''દલિત સાહિત્યની આવતીકાલ ઉજળી રહે એવું કહેવું એ ખોટું છે કારણ કે એ સામાજિક આંદોલનના ભાગરૂપે ઉદ્‌ભવેલ છે. સામાજિક પરિવર્તનની અનિવાર્યતાને લઈને પ્રગટ થયું છે. આથી આશા તો એવી રાખવાની થાય છે કે વૈશ્વિકરણના આ યુગમાં સમાનતા, બંધુત્વ અને સ્વતંત્રતાના જયઘોષ થાય અને આપણે મનુષ્ય દ્વારા મનુષ્યના શોષણનો જ અંત લાવીએ''[૩૭]

દલિત સાહિત્યનું પ્રયોજન શું છે એની આપણે ત્યાં અવારનવાર ચર્ચા થાય છે. કોઈ પણ સાહિત્યનું એની રચના પાછળ કોઈ ને કોઈ ધ્યેય હોય છે. તેમાં કોઈ પણ સાહિત્યકાર દલિત સાહિત્યનું સર્જન કરે છે ત્યારે તેની પાછળ તેનું ચોક્કસ પ્રયોજન હોય છે.

---

૩૭. વિવિધાસંચાર, ડિસે.-ફેબ્રુ. ૨૦૧૨, પૃ.૫૭

દલિત સાહિત્યનું ધ્યેય માનવીય મૂલ્યો, ન્યાય, સ્વતંત્રતા, સમાનતા અને બંધુતાના પાયા પર વર્ગવિહીન, વર્ણવિહીન, શોષણમુક્ત સમાજનું નિર્માણ કરવાનું છે. સામાજિક અસમાનતા સામે વિરોધ-વિદ્રોહ પ્રગટ કરતું આ સાહિત્ય સંવાદિતાની અપેક્ષા રાખે છે. એનું ધ્યેય દલિતોની મુક્તિ માટે સંઘર્ષરત રહેવાનું છે. સાહિત્યના વિશાળ ફલક પર પોતાની અનુભૂતિને વ્યક્ત કરી સર્જકે પોતાનો એક નરવો અવાજ રજૂ કરવાનો છે. દલિત સર્જકો માટે દલિત અસ્મિતાની શોધ માટેનો સંઘર્ષ એ વિશેષ ધ્યેય બનવું જોઈએ. દલિત સાહિત્ય વેદના, નકાર અને વિદ્રોહનું સાહિત્ય છે એમ કહીએ ત્યારે એનો નકારાત્મક અર્થ લેવાને બદલે એક ન્યાયી, સમાનતામૂલક અને સુસંવાદી સમાજવ્યવસ્થાનું ધ્યેય નજર સમક્ષ હોવું ઘટે.

વર્ષોથી અન્યાય સામે દબાયેલા, કચડાયેલા, મૂંગી રીતે વેદનાને સહન કરતા, ગુલામ દશામાં જીવન ગુજારતા માણસ કે સમાજની મુક્તિ એ દલિત સાહિત્યનું પ્રયોજન છે. ડૉ. બાબાસાહેબ આંબેડકરે કહ્યું છે કે, ‘‘દલિતોનું જીવનસ્તર માનવીય સ્તર સુધી લાવવામાં જ જીવનનું સાચું ધ્યેય છે.’’[૩૮] દલિત સાહિત્યનું ધ્યેય પણ દલિતોનું જીવનસ્તર માનવીયસ્તર સુધી લાવવાનું જ છે. એણે રૂઢિ, પરંપરા, અંધશ્રદ્ધા, ગરીબી આ બધાં બંધનોમાંથી માણસને સ્વતંત્ર કરવો અને માણસને મહાનતા બક્ષવી તેમજ આ સૃષ્ટિ પર મનુષ્યથી ચડિયાતું-શ્રેષ્ઠ કંઈ નથી એ ધ્યાનમાં રાખવું જોઈએ. ધર્મ દેવ કે ઈશ્વર કરતાં પણ માણસની મહાનતા એ દલિત સાહિત્યનું બીજું પ્રયોજન છે.

દલિત સાહિત્યના પાયામાં દલિત-પીડિત-ઉપેક્ષિત વર્ગ છે. આ વર્ગને દલિત સાહિત્ય સ્વમાનપૂર્વક જીવન જીવવા માટે સજ્જ કરે છે, જાગૃત કરે છે. માણસના અધિકારથી તેને વાકેફ કરે છે. આ પ્રકારના સાહિત્યના કેન્દ્રમાં દલિત

---

૩૮. વેગડા (ડૉ.) ભીખુ, ગુજરાતી દલિત સાહિત્ય, પ્રકા. પ્રત્યાયન સાહિત્ય વર્તુળ, ધોળકા, પ્રથમ આવૃત્તિ ૨૦૧૨, પૃ. ૧૨૬

વ્યક્તિ પોતે હોવાથી પોતે જીવનને નવી રીતે જોતા શીખે છે. તેમજ પોતાનામાં સામાજિક ચેતનાનો સંચાર થાય છે. સ્વાનુભૂતિનું અભિવ્યક્તિમાં રૂપાંતર સાહિત્યિક ચેતના જન્માવે છે પરિણામે એ અનેક વ્યક્તિ સુધી પ્રચાર-પ્રસાર પામે છે એ પણ એનું ધ્યેય છે. સાહિત્ય દ્વારા સામાજિક પરિવર્તનનું એનું પ્રયોજન પણ પાયાનું છે. દલિત સાહિત્યના સર્જન થકી એક પ્રકારનો વર્ગભેદરહિત સમાજ ઊભો કરવો અને દેશને પોતાના પ્રયોજન મુજબ ઉજ્જ્વળ ભવિષ્ય તરફ લઈ જવાનો પ્રયત્ન કરવો એ પણ દલિત સાહિત્યનું મુખ્ય ધ્યેય છે. આમ દલિત સાહિત્ય એના પ્રયોજનને કેન્દ્રમાં રાખી વ્યક્તિની સાથે એના સામાજિક પરિવર્તનને પ્રતિબિંબિત કરી વિશાળ અર્થમાં લોકહિતનું કામ કરી શકે.

દલિત સાહિત્ય પ્રત્યેનો સામાજિક દૃષ્ટિકોણ ઋગ્વેદકાળથી માંડીને આધુનિક કાળ સુધી જુદા-જુદા નામોલ્લેખથી સમાન રીતે જોવા મળે છે. આજનો દલિત વર્ગ અને પ્રાચીન સાહિત્યમાં ઉલ્લેખ પામેલાં શૂદ્રમાં વિશેષ સમાનતા જોવા મળે છે. પહેલાના સમયમાં એના પ્રત્યેનો જે સામાજિક દૃષ્ટિકોણ હતો એ જ પરિસ્થિતિમાં પરિવર્તન આવ્યું પરંતુ જાતિપ્રથા એમની એમ જ રહી. તુલસીદાસે કહ્યું છે કે, ''ઢોલ, ગંવાર, શૂદ્ર નારી એ સબ તાડન કે અધિકારી'' આ વાક્યમાં સ્ત્રીની સાથે સાથે શૂદ્રનો સમાવેશ કરી જાતિવાદને દર્શાવ્યો છે, તો સંત કબીરે જાતિપાંતિનો વિરોધ કરી સમગ્ર ભક્તિયુગમાં નવો ચીલો ચાતર્યો હતો. એમણે કહ્યું છે કે, ''જાતિ-પાંતિ પૂછે નહિ કોઈ, હરિ કો ભજે સો હરિ કા હોઈ'' અહીં વિશાળ વ્યક્તિભાવના દર્શાવાઈ છે.

આજે સાહિત્ય, શિક્ષણ અને સરકારી કાયદાને લીધે દલિતો પ્રત્યેનો સામાજિક દૃષ્ટિકોણ દેખીતી રીતે બદલાયો છે પરંતુ અસ્પૃશ્યતા, જાતિવાદ જેવાં દૂષણો આપણે આજેય દૂર કરી શક્યાં નથી એ હકીકત છે. દલિતો પ્રત્યેના સામાજિક દૃષ્ટિકોણમાં એ દૃષ્ટિએ જાઝો ફરક પડ્યો નથી.

આમ, દલિત, દલિત સાહિત્ય-સંજ્ઞા, વિભાવના, દલિત આંદોલન, આ સાહિત્યને ઘડનારાં પરિબળો, તેનું પ્રયોજન તેમજ દલિત સાહિત્યને વૈચારિક ભાથું પૂરું પાડનારા સુધારકોની કાર્યપ્રણાલી જોતાં ખ્યાલ આવે છે કે દલિત સાહિત્ય એ કેટલી બધી ઘટનાઓ પછી આકાર લઈને આજે પોતાના પગ પર અડીખમ ઊભું છે. દલિત સાહિત્યમાં જોવા મળતાં દરેક શબ્દ, અર્થ, વિચાર પાછળ એક ચોક્કસ ભૂમિકા છે. એની પડછે દલિતચેતનાની ચળવળનો આખો ઇતિહાસ છે. વર્ણવ્યવસ્થા ને પરિણામે ઊભી થયેલી સામાજિક વિષમતા દલિત સાહિત્યના ઉદ્‌ભવ માટેનું પ્રેરક પરિબળ છે. સમાજજીવનની વિષમતા, વિવશતા, ક્ષુદ્રતા, દરિદ્રતાથી કોઈ પણ સાહિત્યકાર પર કેવી રીતે રહી શકે? એ સંદર્ભમાં થયેલું સર્જન એ આજના દલિત સાહિત્યની ભૂમિકા છે. એક ચળવળરૂપે જન્મેલાં દલિત આંદોલન પછીથી ''દલિત સાહિત્ય આંદોલન''ની મશાલ બને છે. પરિણામસ્વરૂપે ગુજરાતી સાહિત્યસર્જનનો દોરીસંચાર વિસ્તર્યો-વિકસ્યો. જેણે દલિત સાહિત્યનું પદ્ધતિસર સર્જન કર્યું. ધીરે ધીરે વિકાસોન્મુખ દલિતચેતના પ્રગટાવતી કવિતાનાં પગરણની સાથે સાથે પછીથી ક્રમે ક્રમે દરેક સાહિત્યસ્વરૂપોમાં દલિત સાહિત્યનું સર્જન થવા માંડ્યું અને આ બધાં સાહિત્યસ્વરૂપોમાં આજે ગુજરાતી દલિત ટૂંકીવાર્તાની ગતિ વેગવંત બની વધુ નિખરતી જાય છે. આ ધારામાં ટૂંકી વાર્તાક્ષેત્રે આ સ્વરૂપે કેવી હરણફાળ ભરી છે એની ચર્ચા એના વિકાસની ગતિ જોઈને નિશ્ચિત કરી શકાય. એની વિસ્તૃત ચર્ચા પ્રકરણ ૨ માં કરવામાં આવી છે.

--------------------